અનુભવ જૈવિક ખાતરના વિતરણ માટે "જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા" ની નિમણૂંક અંગે.

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ – ૩૮૮ ૧૧૦

વંચાણે : નિયામક મંડળની તા. ૨૪.૦૯.૨૦૧૬ના રોજ મળેલ ૪૩મી બેઠકના ઠરાવ નંબર ૪૩.૨૨

## જાહેરનામું

આથી સબંધકર્તા સર્વેને જાણ અર્થે જાહેર કરવામાં આવે છે કે આ યુનિવર્સિટીના નિયામક મંડળની તા. ૨૪.૦૯.૨૦૧૬ના રોજ મળેલ ૪૩મી બેઠકના ઠરાવ નંબર ૪૩.૨૨થી નીચે મુજબ ઠરાવેલ છે:

"આથી ઠરાવવામાં આવે છે કે કૃષિ સંશોધન પરિષદની ૯મી બેઠકમાં ભલામણ મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પન્ન કરવામાં આવતુ જૈવિક ખાતર, જેનું "અનુભવ" બ્રાન્ડ હેઠળ વેચાણ કરવામાં આવે છે તે ખેડૂતોને સમયસર અને ઝડપથી તેમના ગામ નજીક મળે તે માટે અધિકૃત વિક્રેતા (ડીલર્સ) નિમવા તેમજ આ માટે તૈયાર કરેલ નિયત પત્રકો અને શરતોને **Appendix - A (પાના નંબર -૧ થી ૯)** મુજબ મંજુરી નિયામક મંડળ આપે છે. તેમજ રીસર્ચ કાઉન્સીલે ભલામણ કર્યા મુજબ વિક્રેતાઓને મહત્તમ વેચાણ ભાવના ૧૦ ટકા વળતર આપવાનું રહેશે. વધુમાં નિયત ફોર્મ અને શરતોમાં જરૂર જણાય ત્યારે સુધારા વધારા કરવાની સત્તા નિયામક મંડળ કુલપતિશ્રીને આપે છે."

નંબર : આકૃયુ/સંશો/ટી-૩/ ૩૫૯ /૨૦૧૬
તા. ૨૦.૧૦.૨૦૧૬

(સહી)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ સવિનય રવાના;

૧. નિયામક મંડળના તમામ સભ્ય તરફ જાણ સારૂ.
૨. કૃષિ સંશોધન પરિષદના તમામ સભ્ય તરફ જાણ સારૂ.
૩. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારી તરફ જાણ સારૂ.
૪. કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ.

નકલ રવાના;

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ
૨. ડીન / આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ.
૩. પ્રાધ્યાપક અને વડાશ્રી, માઇક્રોબાયોલોજી વિભાગ, બં.અ.કૃષિ મહાવિધાલય, આકૃયુ, આણંદ તરફ જાણ તેમજ આગળની કાર્યવાહી સારૂ.
૪. સીલેકટેડ ઓર્ડર ફાઇલ

# સરકારી / અર્ધસરકારી / કૃવિકે (આકૃયુ સિવાય) / સહકારી / એનજીઓ / એગ્રો બીઝનેસ સેન્ટર અને એગ્રો સર્વિસ સેન્ટર કે જેઓ ફર્ટીલાઇઝરનું વેચાણ કરવા માટે લાયસન્સ ધરાવતા હોય એના માટે અનુભવ જૈવિક ખાતરના વિતરણ અંગે અધિકૃત વિક્રેતાની નિમણુંકનું અરજીફોર્મ

# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

અનુભવ જૈવિક ખાતરના વિતરણ માટે "જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા" ની નિમણૂંક મેળવવા અંગેનું અરજી ફોર્મ

સરકારી / અર્ધસરકારી/ કેવીકે / સહકારી / એનજીઓ / એગ્રો બીઝનેસ સેન્ટર અને એગ્રો સર્વિસ સેન્ટર કે જેઓ ફર્ટીલાઇઝરનું વેચાણ કરવા માટે લાયસન્સ ધરાવતા હોય

| મંત્રી/ પ્રમુખ/ નિયામક/ચેરમેન/ સેક્રેટરીનો ફોટો ફોટા ઉપર સહી |
|---|

પ્રતિ
સંશોધન નિયામકશ્રી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

૧. સંસ્થાનું નામ :......................................................................................

૨. મુખ્ય જવાબદાર વ્યકિતનું નામ અને હોદ્દો :......................................................................................

3. સંસ્થાનું પૂરું સરનામું: ......................................................................................

......................................................................................

૪. તાલુકો: ...........................................જિલ્લો: ...........................................

૫. ટેલિફોન નં: ........................ મો. નં.: ........................ફેક્સ નં.: ........................

E-mail ID : ......................................................................................

૬. માલિકી (સરકારી / અર્ધસરકારી / કેવીકે / સહકારી / એનજીઓ / એગ્રો બીઝનેસ સેન્ટર અને એગ્રો સર્વિસ સેન્ટર કે જેઓ ફર્ટીલાઇઝરનું વેચાણ કરવા માટે લાયસન્સ ધરાવતા હોય):......................................

......................................................................................

૭. આ.કૃ.યુ.નું અનુભવ પ્રવાહી જૈવિક ખાતર રાખવાના સ્થળનું સરનામું : ......................................

......................................................................................

૮. ગુણવત્તા નિયંત્રણ અધિકારીનું જૈવિક ખાતર વેચાણ માટેનું લાયસન્સ નં. : ........................
તારીખ:........................

૯. ધંધાનો અનુભવ : છેલ્લા 3 (ત્રણ) વરસ દરમ્યાન એગ્રીઈનપુટ (બાયો એજન્ટ)નું વેચાણ (ટર્ન ઓવર)

| વર્ષ | એગ્રી ઈનપુટ (બાયો એજન્ટ) વિતરણ | ટર્ન ઓવર (રૂા. લાખમાં) |
|---|---|---|
| | | |
| | | |

(અગાઉ જૈવિક ખાતરના ધંધામાં શિક્ષા થયેલ નથી, તે બાબતનું લેટરપેડ ઉપર સહી/ સિક્કા સાથેનું એકરારનામું પણ સાથે જોડવું.)

૧૦. જે બેંકમાં ખાતુ હોય તે બેંકનું નામ : ......................................................................................

શાખા : ......................................................................................

ખાતા નંબર : ......................................................................................

RTGS NO. : ________________ IFSC Code : ________________

૧૧. ઇન્કમટેક્ષ નં.: (PAN NO.):

(પ્રમાણિત નકલ બીડવી)

૧૨. VAT TIN NO.

(પ્રમાણિત નકલ બીડવી)

૧૩. જૈવિક ખાતર અંગેની અન્ય કોઈ કંપનીના અધિકૃત વિક્રેતા છો કે કેમ? "જો હોય તો કંપનીની વિગતો"

..................................................................................................................................................

..................................................................................................................................................

સામેલ : ચેક લીસ્ટ

## એકરારનામું

આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદના જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા બનવા માટેની શરતો તથા નિયમો મેં વાંચ્યા છે અને તે મને માન્ય છે. ઉપર મુજબની માહિતી જે મેં આપેલ છે, તે ચકાસેલ છે અને સત્ય છે.

આ સાથે જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા બનવા માટેની અરજી ફીની રકમ રૂા. ૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો ................................................................................................ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ........................................ તા. : ........................................ મોકલવામાં આવેલ છે. આ રકમ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા તરીકે માન્યતા ન મળતાં પરત મેળવવા હક્ક દાવો કરીશ નહિ. આણંદ કૃષિ યુનિવર્સીટી ધ્વારા તેના કાર્યક્ષેત્રના જિલ્લા/ તાલુકા/ ગ્રામ્ય કક્ષા મથકે એક કરતાં વધુ વિક્રેતાની નિમણૂંક કરવામાં આવશે, તો તે મને માન્ય રહેશે.

**સ્થળ** : ........................................ **અરજદારની સહી** : ........................................

તારીખ : ........................................ **માલિકનું નામ** : ........................................

**સંસ્થા/ પાર્ટીનો સિકકો**

## ચેક લીસ્ટ

૧. એગ્રો સર્વિસ સેન્ટર / એગ્રો બીઝનેસ સેન્ટર કે જેઓ ગુમાસ્તા ધારા હેઠળ અગર અન્ય રીતે ફર્ટીલાઇઝરના વેચાણ માટેના રજીસ્ટ્રેશન અંગેના પુરાવાની પ્રમાણિત નકલ.

૨. ગુણવત્તા નિયંત્રણ અધિકારીના જૈવિક ખાતર વેચાણના માન્ય લાયસન્સની પ્રમાણિત નકલ.

3. જૈવિક ખાતરના ધંધામાં કાયદાકીય રીતે કોઈ શિક્ષા થયેલ નથી તે બાબતનું લેટર પેડ ઉપર સહી/ સિકકા સાથેનું એકરારનામું.

૪ VAT/ TIN NO.ની પ્રમાણિત નકલ.

૫. પાન નંબરની પ્રમાણિત નકલ.

૬. મંત્રી/ પ્રમુખ/ નિયામક/ચેરમેન/સેક્રેટરી હોય તો દરેક જગ્યાએ તેમનો સિકકો અવશ્ય લગાવવો.

૭. આણંદ શાખાની બેંકનો રૂા. ૧,000/- નો A.A.U. FUND ACCOUNT ના નામનો ડી.ડી.

૮. અરજી ફોર્મના મથાળે મંત્રી/ પ્રમુખ/ નિયામક/ચેરમેન/સેક્રેટરી (જે લાગુ પડતા હોય તેના) ફોટા અને ફોટા ઉપર સહી.

૯. અરજીના અંતે મંત્રી/ પ્રમુખ/ નિયામક/ચેરમેન/સેક્રેટરી (જે લાગુ પડતા હોય તેના) સહી/ સિકકા (રાઉન્ડ સીલ)

૧૦. સહકારી સંસ્થા / એનજીઓ માટે નોંધણી અંગેના પુરાવાની પ્રમાણિત નકલ.

રૂા.૧૦૦ ના સ્ટેમ્પ અને નોટરી સાથેનું કરારનામું.

# કરાર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ ના અનુભવ જૈવિક ખાતરના વિતરણ માટે અધિકૃત વિક્રેતાએ આણંદ કૃષિ યુનિવર્સીટી સાથે કરવાનું કરારનામું અને શરતો:

આ કરારનામું આજ તા............................ માસ................................ વર્ષ..................................ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ જે જૈવિક ખાતરના મુખ્ય વિતરક તરીકે ઓળખાશે. જયારે મેસર્સ ............................................................... ના પ્રતિનિધિ શ્રી.................................................................. રહેવાસી .................. કે જે હવે પછી આણંદ કૃષિ યુનિવર્સિટીના અનુભવ જૈવિક ખાતરના વિતરણ માટે અધિકૃત વિક્રેતા તરીકે ઓળખાશે, તે બન્ને વચ્ચે આ કરાર કરવામાં આવે છે.

જૈવિક ખાતરના મુખ્ય વિતરક તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટી ઓળખાશે, જૈવિક ખાતરના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, વગેરે પ્રકારની કામગીરી કરી જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા માટે, મુખ્ય જૈવિક ખાતરના વિતરક તરીકેની કામગીરી કરશે, જયારે અધિકૃત વિક્રેતા તેમના કાર્યક્ષેત્રના જીલ્લામાં કે રાજય બહાર જૈવિક ખાતરની છૂટક તેમજ જથ્થાબંધ વિતરણની કામગીરી કરશે. આણંદ કૃષિ યુનિવર્સિટી પણ છૂટક તેમજ જથ્થાબંધ જૈવિક ખાતરના વેચાણની કામગીરી કરશે. ઉકત બંન્ને એ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

## : જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા માટેના સામાન્ય નિયમો અને શરતો :

૧. **જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા:** માઈક્રોબાયોલોજી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા નિયુકત થયેલ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાનું કાર્યક્ષેત્ર નીચે મુજબનું રહેશે.

**કાર્યક્ષેત્ર :**

સરકારી / અર્ધસરકારી/ કેવીકે / સહકારી / એનજીઓ / એગ્રો બીઝનેસ સેન્ટર અને એગ્રો સર્વિસ સેન્ટર કે જેઓ ફર્ટીલાઇઝરનું વેચાણ કરવા માટે લાયસન્સ ધરાવતા હોય વગેરે સંસ્થાઓએ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા તરીકે જે તે જીલ્લામાં તેના કાર્યક્ષેત્ર માટે જૈવિક ખાતરના વિતરણ માટે જૈવિક ખાતરના વિક્રેતા તરીકેની મંજુરી મેળવવાની રહેશે, જે માટે સિકયોરીટી ડીપોઝીટ રૂા.૧૦,૦૦૦/- રોકડેથી અથવા **A.A.U. FUND ACCOUNT** ના નામનો ડીમાન્ડ ડ્રાફટ જમા કરાવ્યા પછી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આવા જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા માટેનું જૈવિક ખાતરના વેચાણનું કાર્યક્ષેત્ર મંજુરી મેળવેલ હોય તે પુરતું મર્યાદિત રહેશે.

૨. **જૈવિક ખાતરના વિતરણ માટેના આર્થિક લાભો.**

જૈવિક ખાતરના વિક્રેતાઓને આણંદ કૃષિ યુનિવર્સીટી ધ્વારા નિયત કરાયેલ મહત્તમ વેચાણ ભાવના ૧૦ ટકા વળતર આપવામાં આવશે અને જૈવિક ખાતરના જથ્થાની પુરેપુરી કિંમતનું આગોતરૂ ચૂકવણું કરવાનું રહેશે.

૩. અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાની નિમણુંક કરવાની પધ્ધતિ

માન્ય અનુભવ જૈવિક ખાતરના વિક્રેતાની નિમણુંક માટેનો પત્ર પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ તેમજ સંશોધન નિયામકશ્રીની સહીથી આપવામાં આવશે. વેચાણ કેન્દ્ર પર જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા તરીકેનું પ્રમાણપત્ર / રિન્યુઅલ પત્ર સહેલાઈથી જોઈ શકાય તે રીતે પ્રદર્શિત કરવાનો રહેશે.

અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા તરીકેની નિમણુંક રદ થયેથી આ પ્રમાણપત્ર / રિન્યુઅલ પત્ર આ.કૃ.યુ.ને પરત કરવાનો રહેશે. નિમણુંક પત્ર મળ્યેથી દરેક અધિકૃત વિક્રેતાએ સિકયોરીટી ડીપોઝીટની રકમ પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદને **A.A.U. FUND ACCOUNT** ના નામના ડી.ડી.થી અથવા રોકડેથી નિયુકિત સમયે જમા કરાવવાની રહેશે. જેના ઉપર કોઈપણ વ્યાજ આપવામાં આવશે નહિ. સિકયોરીટી ડીપોઝીટની રકમ આ.કૃ.યુ.માં જમા થયા તારીખથી અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા તરીકે નિમણુંક થયેલ ગણાશે.

અનુભવ જૈવિક ખાતરના વિતરણ અગર અન્ય કોઈ રીતે ગેરરીતી કરતાં અને શરતોનું પાલન ન કરતાં ધ્યાન પર આવશે તો આ.કૃ.યુ. જરૂરી નોટીસ આપી અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાની નિમણુંક રદ કરી શકશે.

૪. અનુભવ જૈવિક ખાતરના મુખ્ય ઉત્પાદક (આ.કૃ.યુ.) જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાઓ ધ્વારા કરવામાં આવેલ જૈવિક ખાતરની માંગણી ધ્યાને લઈ પોતાની પાસેના ઉપલબ્ધ જૈવિક ખાતર જથ્થા અનુસાર તેમજ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાની કાર્યદક્ષતા જોઈ જૈવિક ખાતરના જથ્થાની ફાળવણી કરશે, જે જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાએ ગ્રાહય રાખી સ્વીકારવાની રહેશે. આ.કૃ.યુ. આણંદ પાસે જે પાકના જૈવિક ખાતર જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં ઉપલબ્ધ હશે તેવા જૈવિક ખાતર આ.કૃ.યુ.ને યોગ્ય જણાશે તે અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાને પાકનો વાવેતર વિસ્તાર ધ્યાને લઈ વેચાણ માટે આપવામાં આવશે. અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાને વેચાણથી આપેલ જથ્થો આ.કૃ.યુ. પરત સ્વીકારશે નહી, જે બાબતે જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા કોઈ કાનૂની રાહ અપનાવી શકશે નહી.

૫. અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાએ તેઓને ફાળવેલ જૈવિક ખાતરની પુરેપુરી રકમ આ.કૃ.યુ.ના સબંધિત કેન્દ્ર પર ભરીને જૈવિક ખાતર ઉપાડવાનું રહેશે. આમ છતાં સહકારી મંડળીઓને ખાસ કિસ્સામાં ૧૦ દિવસ તારીખ ફેરના એડવાન્સ ચેક લઈને તે અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાને ઉધારથી જૈવિક ખાતર આપશે, મુદત પુરી થયેથી આવા ખરીદ કરેલ જૈવિક ખાતરની થતી રકમનો ડીમાન્ડ ડ્રાફટ અચૂકપણે સબંધિત શાખા ઉપર જમા કરાવી એડવાન્સ ચેક પરત મેળવી લેવાનો રહેશે, અન્યથા સદરહું ચેક બેન્કમાં જમા કરાવવામાં આવશે. ચેકથી વેચાણ માટેની ઉકત સગવડ આ.કૃ.યુ.ને યોગ્ય જણાશે ત્યાં સુધી જ ચાલુ રાખશે. આ સગવડ માટે અનુભવ જૈવિક ખાતર માટે નિમવામાં આવેલ અધિકૃત વિક્રેતાનો કોઈ હકક દાવો રહેશે નહિ.

૬. જૈવિક ખાતરના ખેડૂત માટેના વેચાણ ભાવ, જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા માટેના ભાવ તથા એમ.આર.પી. આ.કૃ.યુ. વખતોવખત નકકી કરશે.

૭. આ.કૃ.યુ.ના માઈક્રોબાયોલોજી વિભાગ, બં.અ. કૃષિ મહાવિધાલયમાંથી જૈવિક ખાતર ઉપાડવાની વહનની અને જે તે સ્થળે ઉતારવાની વ્યવસ્થા જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાએ પોતાના ખર્ચે પોતે કરવાની રહેશે.

૮. અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાએ આ.કૃ.યુ. પાસેથી જૈવિક ખાતર ખરીધ્યા બાદ જૈવિક ખાતરના વ્યવસ્થિત સંગ્રહની વ્યવસ્થા પોતે કરવાની રહેશે. જૈવિક ખાતરના જથ્થાની ડીલીવરી સમયે જૈવિક ખાતરના ગુણવત્તાની ચકાસણી કરવાની રહેશે, અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાની ઓફીસ/વેચાણ કેન્દ્રો ગોદામમાં અથવા તો ખેડૂતના ધરે જૈવિક ખાતરનો જથ્થો નુકસાન થાય તેની જવાબદારી આ.કૃ.યુ.ની રહેશે નહી.

નુકસાનવાળો જૈવિક ખાતરનો જથ્થો તેમજ પ્રમાણન કે પુનઃપ્રમાણન કર્યા સિવાયનો જૈવિક ખાતરનો જથ્થો જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા પાસે વિતરણ માટે હોય અને સરકારશ્રીના ગુણવત્તા વિભાગ ધ્વારા આ અંગે કોઈ પણ કાર્યપાહી કરવામાં આવે તો તે માટે આ.કૃ.યુ. જવાબદાર રહેશે નહી. ફર્ટિલાઈઝર કન્ટ્રોલ ઓર્ડર - ૧૯૮૫, અન્ય કાયદા/નિયમો અને તેમાં વખતોવખત થયેલ/થતા સુધારા વધારાનો અમલ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાએ કરવાનો રહેશે. જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા ધ્વારા આ કાયદા/નિયમોના ભંગ માટે આ.કૃ.યુ. જવાબદાર રહેશે નહી. જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાના જૈવિક ખાતર વિતરણ/ જૈવિક ખાતર સંગ્રહ સ્થળે સંગ્રહ કરેલ જૈવિક ખાતરની તમામ પ્રકારની ચકાસણી આ.કૃ.યુ.ના પ્રતિનિધિ કરી શકશે.

૯. અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાઓએ મોટા જથ્થામાં જૈવિક ખાતરનો જથ્થો જોઈતો હોય તો જૈવિક ખાતરની જરૂરીયાત ૬ મહિના પહેલાં જૈવિક ખાતરની કિંમતના ૨૫ ટકા ડીપોજીટની રકમ જમા કરાવી જથ્થાની નોંધણી કરાવી શકશે.

૧૦. વિક્રેતા ધ્વારા ૨૫ ટકા ડીપોઝીટ સાથે નિર્ધારિત/ ચોકકસ જૈવિક ખાતરનો જથ્થો નોંધાવવા છતાં આકસ્મિક સંજોગોમાં જૈવિક ખાતરના જથ્થા માટે હકક દાવો કરી શકશે નહી, આવી પરિસ્થિતિમાં ઉપલબ્ધ જથ્થાના આધારે ફાળવણી કરવામાં આવશે જે તેઓને માન્ય રહેંશે. તેઓ પોતાની ડીપોઝીટની મૂળ રકમ પરત લેવા હકકદાર રહેંશે.

૧૧. વિક્રેતા ધ્વારા ૨૫ ટકા ડીપોઝીટ સાથે નિર્ધારિત/ ચોકકસ જૈવિક ખાતરનો જથ્થો નોંધાવવામાં આવ્યો હશે તે વેચાણ માટે જણાવેલ સમય મર્યાદામાં લેવો પડશે, જો વિક્રેતા પૂરતા જથ્થામાં જૈવિક ખાતર ન ઉપાડે તો તેની ૨૫% ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે નહીં અને જૈવિક ખાતરનું વેચાણ અન્ય જરૂરીયાતવાળાને કરવામાં આવશે અને આ.કૃ.યુ. નુકસાની પેટે સદરહું રકમ જપ્ત કરશે.

૧૨. આ.કૃ.યુ. ધ્વારા અનુભવ જૈવિક ખાતરના જે તે અધિકૃત વિક્રેતાને ફાળવેલ જથ્થાની લેખિત જાણ કર્યા બાદ જો તેમના ધ્વારા સમય મર્યાદામાં જૈવિક ખાતર ઉપાડવામાં નહી આવે તો જૈવિક ખાતરના અધિકૃત વિક્તાએ ન ઉપાડેલ આવો જથ્થો આ.કૃ.યુ. અન્યને વિતરણ કરવા માટે સ્વતંત્ર રહશે જે અંગે અધિકૃત જૈવિક ખાતર વિક્રેતાની કોઈ રજુઆત ગ્રાહય રહેશે નહી.

૧૩. આ.કૃ.યુ. ધ્વારા અનુભવ જૈવિક ખાતર વિતરણ અંગેની માહિતી અને ફીડબેક જયારે જયારે માંગવામાં આવે ત્યારે તે માહિતી જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાએ પુરી પાડવાની રહેશે.

૧૪. અનુભવ જૈવિક ખાતરના વેચાણમાં કોઈપણ વિક્રેતા ધ્વારા અનિયમિતતા આચરવામાં આવે અથવા અનુભવ જૈવિક ખાતરના નામે આ.કૃ.યુ. સિવાયના અન્ય જૈવિક ખાતરનું વેચાણ કરવામાં આવશે તેવા સંજોગોમાં તેની વિક્રેતા તરીકેની માન્યતા રદ કરવાની સાથે ડીપોઝીટ પેટે જમાં કરાવેલ રૂા.૧૦,૦૦૦/- જપ્ત કરવામાં આવશે. આવા વિતરકો ગ્રાહક સુરક્ષા અથવા તો સરકારી ન્યાય પધ્ધતિમાં યથાયોગ્ય શિક્ષાત્મક પગલાં ભરવાને પાત્ર ઠરશે અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૫. અનુભવ જૈવિક ખાતરના વિતરકે ખેડૂતને પાકુ બીલ આપી વેચાણ કરવાનું રહેશે અને બીલમાં જૈવિક ખાતરનો લોટ/ કેન્દ્ર/ વર્ષ વગેરે વિગત અવશ્ય જણાવવાની રહેશે.

૧૬. અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા માટે આ.કૃ.યુ. નકકી કરે તે ચોકકસ ધોરણોને આધિન રહીને જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા તરીકેનો નિમણૂંક પત્ર એક થી ત્રણ વર્ષ માટે ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ વિતરણ અંગેની કામગીરીની સમીક્ષા પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ ધ્વારા કરવામાં આવશે ત્યાર બાદ જ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાને ડીલરશીપ રીન્યુ કરી આપવામાં આવશે. રીન્યુઅલ માટે મુદતનો સમય પુરો થતાં પહેલાં રીન્યુઅલ માટેની નિયત અરજી પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદને એક માસ અગાઉ મોકલવાની રહશે. નિમણૂંક

થયેલ/ રીન્યુ થયેલ અનુભવ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાઓ તેમની નિમણૂંક રદ કરવા માટેની અરજી પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદને વર્ષ દરમ્યાન કોઈપણ સમયે મોકલી આપશે. આવી અરજીઓની ચકાસણી અંગેની કામગીરી જે તે વર્ષના ફેબ્રુઆરી માસ દરમ્યાન કરવામાં આવશે અને ત્યારબાદ માર્ચ માસ દરમ્યાન જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાએ ભરેલ સિક્યોરીટી ડીપોઝીટ પરત કરવાની તેમજ નિમણૂંક રદ કરવાની કામગીરી આ.કૃ.યુ. આણંદ કરશે. વર્ષમાં અધવચ્ચે કોઈપણ જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાને સિક્યોરીટી ડીપોઝીટ પરત મળશે નહીં.

૧૭. આ ઉપરાંત જૈવિક ખાતરના વેચાણ અંગેના પ્રવર્તમાન અને ભવિષ્યમાં ફેરફાર થનાર કાયદાઓનું પાલન કરવાનું રહેશે. જૈવિક ખાતરના વેચાણ દરમ્યાન અને ત્યારબાદ કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વેચાણ કરનાર ડીલરની રહેશે.

૧૮. જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા અને આ.કૃ.યુ. વચ્ચે જૈવિક ખાતર વિતરણ અંગે કોઈપણ પ્રકારનો વિવાદ ઉપસ્થિત થશે તો તે માટે મા. કુલપતિશ્રી, આ.કૃ.યુ.નો નિર્ણય આખરી ગણાશે. જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતા માટે વિવાદના ઉકેલ માટે કાયદાનું સ્થળ આણંદ રહેશે જે મને સ્વીકાર્ય છે.

૧૯. આ એકરારનામું તેમાં સહી થયા તારીખથી અમલી ગણાશે.

સહી :-

નામ :- ____________________

હોદ્દો :-

(જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાનો સિક્કો)

સ્થળ : ........................................

સહી :-

પ્રાધ્યાપક અને વડા,
માઈક્રોબાયોલોજી વિભાગ,
બં.અ. કૃષિ મહાવિધાલય
આણંદ કૃષિ યુનિવર્સીટી,
આણંદ (ગુજરાત)

સહી :-

સંશોધન નિયામક
આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ
(મુખ્ય જૈવિક ખાતર વિતરક)

તારીખ : ........................................

**સાક્ષીઓ**

૧. સહી :- ____________________

નામ :- ____________________

હોદ્દો :- ____________________

સરનામું :- ____________________

૨. સહી :- ____________________

નામ :- ____________________

હોદ્દો :- ____________________

સરનામું :- ____________________

----------x----------x----------x----------x----------x----------x

## પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદનો અભિપ્રાય

સદર જૈવિક ખાતરના અધિકૃત વિક્રેતાની સિક્યુરિટી રકમ રૂા. .......................................... (અંકે રૂપીયા ...................................................................... પુરા) પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ ની ................................ કચેરી ખાતે પહોંચ નંબર .......................................... તારીખ ............................................ થી જમા લેવામાં આવેલ છે, તેઓની નિમણુંક તારીખ .................................................. સુધી કરવા ભલામણ કરવામાં આવે છે.

પ્રાધ્યાપક અને વડા, માઈક્રોબાયોલોજી વિભાગ
બં.અ. કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ ની સહી...................................

સિક્કો .............................................